# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "A" by NAAC(3rd Cycle)

શારીરિક શિક્ષણ વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧

ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in


નં.શા.શિ/સ્પો.કો./૦૬/૨૦૨૧ તા.૧૪/૦૬/૨૦૨૧

પરિપત્ર:

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોનાં વડાશ્રીઓ, અને માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષનાં વિકાસ માટે બોર્ડ ઓફ સ્પોર્ટ્સ અને સિન્ડીકેટની તારીખ: ૨૮-૦૨-૨૦૦૦ નાં ઠરાવ નં.૦૯ મુજબ સને ૨૦૦૦-૨૦૦૧નાં વર્ષથી રૂ.૧૦/- સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડ તરિકે પ્રથમ સત્ર દરમ્યાન તમામ વર્ગોના વિદ્યાર્થીઓ પાસેથી લેવાનું નક્કી થયેલ છે.

જે અન્વયે નવા વર્ષની એટલે કે સને ૨૦૨૧-૨૦૨૨ નાં વર્ષનાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડની રકમ રૂ.૧૦/- (અંકે રૂપિયા દસ પુરા) વિદ્યાર્થીઓ પાસેથી મેળવી ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા આ યુનિવર્સિટીનાં કેશ વિભાગમાં જમા કરાવવાના રહેશે. આ રકમનાં ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે વિદ્યાર્થી અંગેની વર્ગવાર સંખ્યા તથા અન્ય માહિતી દર્શાવતો પત્ર – ૦૨ (બે) નકલમાં લાવવાનો રહેશે. કેશ વિભાગમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ ફિ નાણા કોડ નંબર ૫૮૦૩ થી ભરવાના રહેશે. તેની ૦૧ (એક) નકલ અને ફિ ભર્યાની પહોંચ નંબર લખી શારીરિક શિક્ષણ વિભાગમાં અચુક જમા કરાવવાની રહેશે. આ રકમ એનરોલમેન્ટ ફોર્મ સાથે જ મોકલી આપવા અન્યથા એનરોલમેન્ટ ફોર્મ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. વિશેષમાં અગાઉના વર્ષની જે કોલેજોની રકમ બાકી હોય તેઓએ પણ તાત્કાલિક જમા કરાવવાની રહેશે. અગાઉ બાકી રહેલ ફિ જમા કરાવવામાં નહિ આવે તો તે કોલેજો અંગેની જાણકારી વિગતે સિન્ડીકેટ સમક્ષ રજુ કરવામાં આવશે અને સિન્ડીકેટ જે નિર્ણય લે તે કોલેજોને બંધનકર્તા રહેશે.

<u>ખાસ નોધ:-</u>

(૧) ડિમાન્ડ ડ્રાફટ "રજીસ્ટ્રાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ" નાં નામનો મોકલવાનો રહેશે.

(૨) કોલેજ, ભવન અને પી.જી. સેન્ટરમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓનાં સ્પોર્ટ્સ વિકાસ ફંડની ફિ લેવાની રહેશે.

(૩) ઉપરોકત નોંધ ૦૧ માં જણાવેલ વિગત સિવાયનો ડિમાન્ડ ડ્રાફટ કોઈપણ સંજોગોમાં કેશ વિભાગ દ્વારા સ્વીકારવામાં આવશે નહિ અને ડિમાન્ડ ડ્રાફટ પરત કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

(૪) સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડની ફિ ભરવા આવો ત્યારે કોલેજનાં લેટરપેડમાં કોલેજ કોડ નંબર દર્શાવવા જરૂરી છે. અન્યથા ફિ સ્વીકારવામાં આવશે નહિ.

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે.)

સહિ/-<br>
(ડૉ.જતિન સોની)<br>
કુલસચિવ

<u>પ્રતિ,</u>

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ.

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોનાં વડાશ્રીઓ.

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે માન્ય સંસ્થાઓનાં વડાશ્રીઓ.

રવાના કર્યું.<br>
શારીરિક શિક્ષણ નિયામક

<u>નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે:-</u>

ડાયરેક્ટશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

<u>નકલ સાદર રવાના:-</u>

(૧) માન.કુલપતિશ્રી/ માન.ઉપકુલપતિશ્રીનાં અંગત સચિવશ્રી.

(૨) માન.કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.